# ક્લાઉડ એન્જિનિયર

ઝડપી, નાવીન્ય સભર અને વધુ લવચીક સંસાધનો પ્રદાન કરવા માટે ઈન્ટરનેટ ('ધ ક્લાઉડ') પર કમ્પ્યુટિંગ સેવાઓના વિતરણને ક્લાઉડ કમ્પ્યુટિંગ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. ક્લાઉડ એન્જિનિયર એ ક્લાઉડ કમ્પ્યુટિંગ સાથે સંબંધિત તમામ તકનીકી પાસાઓ માટે જવાબદાર આઈ.ટી. પ્રોફેશનલ છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે કમ્પ્યુટર પર કામ કરવામાં કુશળ છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- કામ કરતી વખતે તમે વિગતો પર ધ્યાન આપો છો
- તમે એક કુશળ સંવાદકર્તા છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૪૦,૦૦૦ થી ૧૦,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- એન્જિનિયરીંગ માટેની વિશિષ્ટ શિષ્યવૃત્તિ - તમે એન્જિનિયરીંગ માટેની વિશિષ્ટ શિષ્યવૃત્તિ પસંદ કરી શકો છો જેમ કે ઇન્ડસઇન્ડ ફાઉન્ડેશન શિષ્યવૃત્તિ, બાબા ગુરબચન સિંઘ શિષ્યવૃત્તિ યોજના, સેમસંગ સ્ટાર સ્કોલર પ્રોગ્રામ ૨૦૨૨, શિષ્યવૃત્તિ માટેની કેન્દ્રીય ક્ષેત્ર યોજના, જે.એસ.પી.એન. શિષ્યવૃત્તિ ૨૦૨૨ વગેરે.
- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત)

૨. કમ્પ્યુટર સાયન્સ / ઈન્ફોર્મેશન સિસ્ટમમાં સ્નાતક (B.Tech/BE/BSc/BCA)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન ક્ષેત્રમાં અનુસ્નાતક (M.Tech/ME/MSc/MCA)ની ડિગ્રી પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ક્લાઉડ એન્જિનિયરનું અંદાજીત માસિક વેતન રૂ. ૨૨,૭૫૦ થી ૧,૬૭,૦૦૦* જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.payscale.com/research/IN/Job=Cloud_Solutions_Engineer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે ટેક કંપનીઓ અથવા મોટી, સ્થાપિત સંસ્થાઓમાં કામ કરી શકો છો કે જેની પાસે વિશાળ આઈ.ટી. અથવા ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** કામકાજનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

**ઉદ્યોગ સાહસિકતા:** આ ક્ષેત્રમાં તમે ફ્રીલાન્સિંગ કરી શકો છો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

### અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર ટેકનિશિયન → મિડ લેવલ ક્લાઉડ એન્જિનિયર → સિનિયર ક્લાઉડ એન્જિનિયર

### સર્ચ માટેના કીવર્ડ્સ ...

ક્લાઉડ એન્જિનિયર, ક્લાઉડ ટેકનિશિયન, ક્લાઉડ એનાલિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.ટી., ગાંધીનગર
૨. અય્યા નાદર જાનકી અમ્મલ કોલેજ, તમિલનાડુ
૩. આત્મારામ સનાતન ધર્મ કોલેજ, નવી દિલ્હી
૪. એસવીએનઆઈટી, સુરત
૫. ભાસ્કરાચાર્ય કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ, નવી દિલ્હી
૬. કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ (આઈ.એચ.આર.ડી.), કેરળ
૭. ગવર્મેન્ટ એન્જિનિયરીંગ કોલેજ, ભરૂચ
૮. ગવર્મેન્ટ એન્જિનિયરીંગ કૉલેજ, ગાંધીનગર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. અન્નાઈ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, તમિલનાડુ
૨. એ.ડી. પટેલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, ગુજરાત
૩. ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, ચેન્નાઈ
૪. પીડીઈયુ, ગાંધીનગર
૫. આચાર્ય પ્રફુલ્લ ચંદ્ર કોલેજ, કોલકાતા
૬. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૭. બાપટલા એન્જિનિયરીંગ કોલેજ, આંધ્રપ્રદેશ
૮. બોની ફોઇ કોલેજ, ભોપાલ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL * સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/noc21_cs14/preview
- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

NPTEL-નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

### સાફલ્ય ગાથા

**સત્યવતી દિવાદારી** એ ભારતમાં આઈ.ટી. અને સાયબર સિક્યુરિટી તેમજ ક્લાઉડ કોમ્પ્યુટિંગમાં બે દાયકા કરતાં વધુ સમય વિતાવ્યો છે. તે માઈક્રો ફોકસમાં એન્ટરપ્રાઈઝ સિક્યુરિટી આર્કિટેક્ચર અને સાયબરરેસ ક્લાઉડ સી.ટી.ઓ.નાં વડા છે. તેણીએ બિટ્સ પિલાનીમાંથી એમ.ટેક. કર્યું અને હવે તેઓ બેંગલુરૂમાં રહે છે.*

સ્રોત:https://www.womensweb.in/2022/08/women-trailblazers-in-the-world-of-cloud-computing-in-india-sept22wk1sr/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.